ક્રિ.કેસ નં.                /

**<u>આંક - ૦૧ નીચે હુકમ</u>**

૧. સદર કામનું રેકર્ડ ધ્યાને લેતા કામ નોન - કોગ્નીઝેબલ છે જેમાં સદર ફરીયાદ ફરીયાદીએ આરોપી દ્વારા ઈ - ચલણના નાણા નહી ભરપાઈ કરતા અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. જેથી ફરીયાદ હકીકત તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરીયાદ નોન - કોગ્નીઝેબલ ગુનાની છે. જેમાં પોલીસ દ્રારા આરોપીને સમન્સ - વોરંટ ની બજવણી કરવાની તજવીજ કરેલ છે.

૨. આમ ઉપરોક્ત કામ નોન - કોગ્નીઝેબલ એન.સી.ફરીયાદ છે અને હાલના કામમાં આરોપીના સમન્સ / વોરંટ યોગ્ય બજવણી પોલીસ મારફત કરવામાં આવેલ હોવા છતા આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ નથી જેથી સદર ગુનો નજીવા પ્રકારનો ગણી શકાય તેવો છે જેમાં સજાની જોગવાઈ મહતમ દંડ અંગેની છે.

૩. આમ ઉપરોક્ત તમામ રેકર્ડ સાથે કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા, હાલની ફરીયાદ આગળ ચલાવવા સમન્સના શેરા ધ્યાને લેતા કોઈ કારણ જણાઈ આવતુ ન હોય, સદર કામ કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી,સમન્સની બજવણી થયેલ હોવા છતા આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ નથી તેમજ આરોપી સામે કેસ ચલાવી કેસની ફળદાયી હકીકત સુધી પહોચી શકાય તેવુ નથી જેથી હાલના સામાન્ય ગુનામાં સદર કેસ આરોપીની હાજરી માટે તેમજ તેના વિરુધ્ધ કાર્યવાહી ચલાવવા યોગ્ય આ તબક્કે જણાતો નથી જેથી સી.આર.પી.સી. કલમ - ૨૫૮ મુજબ હાલનો કેસ નજીવા પ્રકારનો જણાતો હોય કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી સંભળાવી,સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩

સુરત.

જ્યુડી.મેજી.ફ.ક. (પ્રથમ કોર્ટ),સુરત.